# ઉર્જા રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે અમરેલી જિલ્લાના ઈશ્વરીયા મુકામે GETCOના ૬૬ કે.વી. સબસ્ટેશનનું લોકાર્પણ

અમરેલી:

અમરેલી જિલ્લાના ઈશ્વરીયા મુકામે રૂ. ૮.૫ કરોડના ખર્ચે ય્ઈર્ઝ દ્વારા નિર્માણ પામેલ ૬૬ કે.વી. વિદ્યુત સબસ્ટેશનનું લોકાર્પણ ઉર્જા રાજ્ય મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. નવા સબસ્ટેશનના કાર્યરંભથી આસપાસના કુલ ૦૪ ગામોના ૪,૮૦૦થી વધુ લોકોને વિક્ષેપ-રહિત તેમજ ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો ઉપલબ્ધ બનશે. પરિણામે ઘરેલુ, કૃષિ તેમજ ઔદ્યોગિક વીજ વપરાશમાં સુધારો થશે અને વિસ્તારમાં વિકાસને વધુ વેગ મળશે.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, નવા સબસ્ટેશનથી અમરેલી





## રૂ. ૮.૫ કરોડના ખર્ચે તૈયાર થયેલા સબ સ્ટેશનથી ૦૪ ગામોના ૪૮૦૦થી વધુ લોકોને વિક્ષેપ-રહિત ગુણવત્તાયુક્ત વીજળી પુરી પાડી શકાશે

જિલલ્લાના ઈશ્વરીયા, વરસડા, ગીરીયા તથા શહેર વિસ્તારને ગુણવત્તાયુક્ત તેમજ સાતત્યપૂર્ણ વીજ પૂરવઠો મળશે. આ સબસ્ટેશનમાંથી ૧૧ કે.વીના ૧૦ નવા ફીડરો ૧,૨૧૨ ગ્રાહકો લાભાન્વિત થશે. આ કનેક્શનોમાં ૪૪૫ રહેણાંક, ખેતીવાડી ૭૨૭, લાણિજયના ૩૯ અને ૦૧ ઔદ્યોગિક એકમોનો સમાવેશ થાય છે.હાલમાં અમરેલી જિલ્લામાં કુલ ૯૨ સબસ્ટેશનો કાર્યાન્વિત છે.

છેલ્લા પાંચ વર્ષમાં અમરેલી જિલ્લામાં ૧૬ નવા સબસ્ટેશન કાર્યાન્વિત કરવામાં આવ્યા છે. આગામી બે નાણાકિય વર્ષ ૨૦૨૬-૨૭માં અમરેલી જિલ્લામાં નવા ૦૬ સબસ્ટેશન શરૂ કરવાનું આયોજન છે.


આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના સભ્યશ્રીઓ વનરાજભાઈ કોઠીવાળ, મુકેશભાઈ બગડ, તાલુકા પંચાયતના પ્રમુખશ્રી કિશોરભાઈ કાનપરીયા, અગ્રણીશ્રી પ્રવિણભાઈ માંગરોળીયા, પી.જી.વી. સી.એલના અધિક્ષક ઈજનેરશ્રી દહિયા, જેટકોના અધિકારીશ્રીઓ અને કર્મયોગીઓ ઉપસ્થિતિ રહ્યા હતા.

# ઈતિહાસમાં પ્રથમ વખત જૈન આચાર્ય દ્વારા મોરારી બાપૂની રામકથાનો શુભ આરંભ

અમરેલી:

ઈતિહાસમાં પ્રથમ વખત જૈન આચાર્ય લોકેશજી દ્વારા આયોજિત મોરારી બાપૂની રામકથાનો શુભ આરંભ ભારત મંડપમ, નવી દિલ્હી ખાતે થઇ ગયો. ઉદઘાટન સમારોહમાં ભારતના ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ઉપસ્થિત રહેશે.

અહિંસા વિશ્વ ભારતીના સંસ્થાપક તથા રામકથાના આયોજક જૈન આચાર્ય લોકેશજીએ જણાવ્યું કે પૂજ્ય મોરારી બાપૂની નવદિવસીય રામકથામાં કેન્દ્ર સરકારના વરિષ્ઠ મંત્રીઓ, વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ સહિત કલા, સંસ્કૃતિ, સાહિત્ય, પર્યાવરણ વગેરે ક્ષેત્રોની અનેક



વિશિષ્ટ હસ્તીઓ પણ ઉપસ્થિત રહેશે. આચાર્ય લોકેશજીએ વધુમાં જણાવ્યું કે આ અવસર પર અમેરિકા, બ્રિટેન, કેનેડા, ઓસ્ટ્રેલિયા, સિંગાપુર, યુએઈ સહિત વિવિધ દેશોના અને ભારતના અનેક રાજ્યોમાંથી શ્રદ્ધાળુઓ રામકથાનું શ્રવણ કરવા આવી રહ્યા છે. દરરોજ આશરે ૪૦૦૦ જેટલા શ્રદ્ધાળુઓ દેશ-વિદેશમાંથી કથા સાંભળવા પહોચી રહ્યા છે.

# જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિ બેઠક યોજાઈ

## ધારસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા, શ્રી જે.વી. કાકડીયા, શ્રી જનકભાઈ તળાવિયાની પ્રેરક ઉપસ્થિતિ

અમરેલી:અમરેલી જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને અને સાવરકુંડલા-લીલીયા મતવિસ્તારના ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા તેમજ ધારી-બગસરા-ખાંભા મતવિસ્તારના ધારાસભ્યશ્રી જે.વી. કાકડીયા અને લાઠી બાબરા ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવિયાની પ્રેરક ઉપસ્થિતિમાં જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી.

બેઠકમાં જનપ્રતિનિધિશ્રીઓએ ગ્રામ્ય અને શહેરી વિસ્તારના આંતરિક અને અન્ય રસ્તાઓ સાથે જોડતાં રસ્તાઓ, બાબરા જી.આઈ.ડી.સી ખાતે વિવિધ કારખાનાઓમાંથી નીકળતો ધુમાડો અને પ્રદૂષણ, નવા આધારકાર્ડ બનાવવા અને આધાર અપડેટ સેવા કેન્દ્રો, ગૌચર જમીન નીમ કરવી સહિતના પ્રજાલક્ષી પ્રશ્નોની રજૂઆત કરી હતી.

ઉપરાંત બગસરા-હામાપુર હાઈવે પર વૃક્ષોના કટીંગ, સાવરકુંડલા ચોકડી નજીક જર્જરિત પુલને લઈને વાહનો માટે ડાયવર્ઝન, મુંજીયાસર-રફાળા રોડને પહોળો કરવાની બાબત, લીલીયા ખાતે નવા બસ સ્ટેશનના બાંધકામની કામગીરીને લઈને ક્વોલિટી કામ થાય તે બાબત, રાજુલા અને વેરાવળ એસ.ટીની બસને નિયમિત શરૂ કરવી, કૃષિ રાહત પેકેજ વર્ષ ૨૦૨૫ અન્વયે ચૂકવણા સહિતની બાબતે જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજે સમીક્ષા હાથ ધરી હતી અને સંબંધિત અધિકારીશ્રીઓને જરૂરી દિશા નિર્દેશો આપ્યા હતા.

જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજે નાગરિકોના પ્રશ્નોનું હકારાત્મક નિરાકરણ આવે તે માટે સંબંધિત કચેરીઓના વડાઓને સંકલન કરવા અને ઘટતું કરવા સૂચના આપી હતી.

જિલ્લા કલેક્ટરશ્રીએ જિલ્લામાં વિવિધ શાળાઓ ખાતે સંચાલિત મધ્યાહન ભોજન કેન્દ્રો ખાતે રસોડાની સાફ સફાઈ અને અન્ય નિયમિતતાઓ, સ્ટોક મેનેજમેન્ટ અને બેસ્ટ ક્વોલિટી મટીરીયલ બાબતે સતત દેખરેખ રાખવા અને મોનીટરીંગ બાબતે સંબંધિત અધિકારીશ્રીને સૂચનાઓ આપી હતી.

જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી પરિમલ પંડ્યા, નિવાસી અધિક કલેક્ટર શ્રી દિલિપસિંહ ગોહિલ, અમરેલી પ્રાંત અધિકારીશ્રી મહેશ નાકિયા, રાજુલા પ્રાંત અધિકારીશ્રી ડૉ. મેહુલ બરાસરા, લાઠી પ્રાંત અધિકારી શ્રી નીરવ બ્રહ્મભટ્ટ, બગસરા,ધારી, સાવરકુંડલા-લાઠી પ્રાંત અધિકારીશ્રી, કાર્યપાલક ઈજનેરશ્રી ધોળાવાળા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી ચાવડા, તાલુકા અને શહેર મામલતદારશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ, વિવિધ કચેરીઓના અધિકારીશ્રીઓ અને કર્મયોગીશ્રીઓ સહિતના બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

# સણોસરા અને માંગવાપાળ મુકામે પંચાયત ભવનનું ખાતમુહૂર્ત

**અમરેલી તાલુકાના સણોસરા અને માંગવાપાળને મળશે નવા પંચાયત ભવનની સુવિધા**





અમરેલી: અમરેલી તાલુકાના સણોસરા તથા માંગવાપાળ ગામે ગ્રામ પંચાયતના નવા ભવનના નિર્માણ માટે ઉર્જા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. દરેક પંચાયત ભવન રૂ. ૨૫-૨૫ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવશે. નવા પંચાયત ભવનના નિર્માણથી ગ્રામ પંચાયતની વહીવટી કામગીરી વધુ સુચારૂ રીતે થશે તેમજ ગ્રામજનોને વિવિધ સરકારી સેવાઓ અને સુવિધાઓ વધુ સારી રીતે એક જ સ્થળે પ્રાપ્ત થશે.

આ પંચાયત ભવનમાં તલાટી અને સરપંચશ્રીના કક્ષ તેમજ મીટીંગ હોલ જેવી સુવિધા તૈયાર થશે. અમરેલી વિધાનસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતોને જરૂરિયાત મુજબ નવા પંચાયત ભવન રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે. અમરેલી-વડિયા-કુંકાવાવ મતવિસ્તારના તમામ ગામોમાં સુવિધાયુક્ત પંચાયત ભવન થકી નાગરિકોને ઘરઆંગણે સરકારી સેવાનો લાભ સરળતાથી મળી રહ્યો છે.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર ગ્રામ્ય વિસ્તારોમાં નાગરિકોની સુવિધાઓના વિકાસ માટે પ્રતિબદ્ધ છે. નવિન પંચાયત ભવન જેવી સુવિધાઓથી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ મજબૂત બનશે અને ગામડાંનો સર્વાંગી વિકાસ શક્ય બનશે.

ખાતમુહૂર્ત કાર્યક્રમ દરમિયાન તાલુકા પંચાયત અમરેલીના પ્રમુખશ્રી કિશોરભાઈ કાનપરીયા, જિલ્લા પંચાયતના સભ્યશ્રી મુકેશભાઈ બગડા, અગ્રણી સર્વશ્રી પ્રવિણભાઈ માંગરોળીયા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને ગ્રામ પંચાયતના સભ્યશ્રીઓ તેમજ સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# માલવણ મુકામે પંચાયત ભવનનું ખાતમુહૂર્ત



અમરેલી: અમરેલીના માલવણ મુકામે ગ્રામ પંચાયતના નવા ભવનના નિર્માણ માટે ઉર્જા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. અંદાજિત કલ રૂ. ૨૫ લાખના ખર્ચે નવું પંચાયત ભવન આકાર પામશે. નાગરિકોની સુવિધાઓમાં વધારો થશે.

ઉર્જા રાજ્યમંત્રીશ્રી વેકરીયાએ માલવણ મુકામે નવી બનેલ પાણીની ટાંકીનું પણ લોકાર્પણ કર્યું હતું. ઉલ્લેખનીય છે કે, માલવણ મુકામે રૂ. ૯ લાખના ખર્ચે સ્મશાન કંપાઉન્ડ વોલ બનશે સાથે રૂ. ૧૧ લાખના ખર્ચે પીવાના પાણીના સંગ્રહ માટે સંપ પણ બનાવવામાં આવશે. સાંસદ અને ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી અંદાજિત કુલ રૂ. ૫ લાખના ખર્ચે બ્લોક રોડ બનાવવામાં આવશે. આમ, ગ્રામ્યકક્ષાએ વિવિધ વિકાસકાર્યો થતાં નાગરિકોને ઉત્તમ સુવિધાઓ પ્રાપ્ત થશે.


માલવણ મુકામે વિવિધ વિકાસકામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ પ્રસંગે તાલુકા પંચાયત અમરેલીના પ્રમુખ શ્રી કિશોરભાઈ કાનપરીયા, જિલ્લા પંચાયતના સભ્યશ્રીઓ, અગ્રણી સર્વ શ્રી પ્રવિણભાઈ માંગરોળીયા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને ગ્રામ પંચાયતના સભ્યશ્રીઓ તેમજ સ્થાનિક અગ્રણીઓ,ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# એ.આર.ટી.ઓ. કચેરી ખાતે અનઅધિકૃત્ત વ્યક્તિઓના પ્રવેશ પર પ્રતિબંધ

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીનું જાહેરનામુ: હુકમ ઉલ્લંઘન કરનાર સામે કાનૂની કાર્યવાહી થશે

અમરેલી:અમરેલી સ્થિત સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી ખાતે વ્યાજબી કામ સિવાય આવેલા તમામ અન અધિકૃત્ત ઈસમ કે ઈસમોની ટોળી, જાહેર જનતા, અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિ કરી રહેલા ઈસમોના પ્રવેશ પર પ્રતિબંધ ફરવામતું જાહેરનામું અમરેલી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દ્વારા બહાર પાડવામાં આવ્યું છે.

આ હુકમ ભંગ કરનાર સામે





ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ની જોગવાઈઓ હેઠળ કાનૂની કાર્યવાહી થશે તથા તે સજાપાત્ર ઠરશે.

આ હુકમ અન્વયે ફરજ પરના સહાયક મોટર વાહન નિરીક્ષક (વર્ગ-૩) કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા એ.આર.ટી.ઓ. કચેરીના કર્મચારી તથા જિલ્લાના કોઈ પણ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના અમરેલી જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમ સામે ફરિયાદ માંડવા માટે અધિકૃત્ત કરવામાં આવે છે. આ હુકમ તા.૦૯ માર્ચ, ૨૦૨૬ સુધી અમલી રહેશે.

# રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક ડૉ. મોહન ભાગવતનું સૌરાષ્ટ્રમાં આગમન

અમરેલી:રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ શતાબ્દી વર્ષની અખિલ ભારતીય પ્રવાસ યોજના અંતર્ગત પ. પૂ. સરસંઘચાલક ડૉ. મોહનજી ભાગવતનું આજે સૌરાષ્ટ્ર પ્રાંતની મુલાકાત અર્થે રાજકોટ સેવાભારતી ભવન ખાતે આગમન થયું છે.



મા.શ્રી મોહનજી ભાગવતનો જન્મ ૧૧ સપ્ટેમ્બર-૧૯૫૦ (દિગ્વિજય દિવસ)ના રોજ મહારાષ્ટ્રના ચંદ્રપુર ખાતે થયો હતો. તેમણે બી.વી.એસ.સી.(પશુચીકિત્સક તરીકે )નો અભ્યાસ નાગપુર વેટરનરી કોલેજ ખાતે કર્યો. તેઓ બાલ્યકાળથી સ્વયંસેવક છે. ૧૯૭૫થી અકોલા (મહારાષ્ટ્ર)થી પ્રચારક તરીકે નીકળ્યા બાદ નાગપુર મહાનગર પ્રચારક, બિહાર ક્ષેત્ર પ્રચારક અખિલ ભારતીય શારીરિક પ્રમુખ અને સરકાર્યવાહ જેવી વિવિધ જવાબદારીઓ નિભાવી હતી. ૨૧ માર્ચ ૨૦૦૯થી તેઓ પ.પૂ. સરસંઘચાલકજી તરીકે માર્ગદર્શન કરી રહ્યા છે. તેઓનું હિંદુ રાષ્ટ્ર અને રાષ્ટ્રીય સમસ્યાનાં ઉકેલ પર ઊંડું ચિંતન છે. તેમણે યશસ્વી ભારત, વર્તમાન સમયમાં હિંદુત્વની પૃષ્ઠભૂમિ જેવા વિવિધ પુસ્તકો લખ્યા છે. તેમના પિતાજી સ્વ. મધુકરરાવજી ભાગવતે ગુજરાતના પ્રાંત પ્રચારક તરીકે દાયિત્વ વહન કર્યું હતું.આ પ્રવાસ દરમિયાન પૂર્વ નિશ્ચિત કાર્યક્રમ મુજબ, પૂ. મોહનજીનો સમાજ પ્રબોધક અને પ્રેરક લોકો સાથે વ્યક્તિગત અને શ્રેણીશ: વાર્તાલાપનો કાર્યક્રમ રહેશે.સંઘ શતાબ્દી વર્ષ અંતર્ગત સામાજિક સમરસતા, કુટુંબ પ્રબોધન, સ્વદેશી (સ્વબોધ), પર્યાવરણ સંરક્ષણ અને નાગરિક કર્તવ્ય એમ પંચ પરિવર્તન વિષય અંગે વ્યાપક ચર્ચા હેતુ સમાજ જીવનના સૌરાષ્ટ્રભરના વિભિન્ન ક્ષેત્રોના અગ્રણીઓ સાથે તેઓ સંવાદ કરશે. આ પ્રવાસ દરમિયાન કોઈ જાહેર કાર્યક્રમનું આયોજન નથી.

# ઓર્ગેનિક ખેતીથી મૂલ્યવર્ધન કરી ખેડૂતોએ ઊભી કરી નવી આવકની દિશા: અમરેલી જિલ્લાના કરજાળા ગામમાં દેશી ગોળની સુગંધ

## અમરેલી જિલ્લામાં ઓર્ગેનિક અને પ્રાકૃતિક ખેતીના ક્ષેત્રે એક અનોખું અને પ્રેરણાદાયક ઉદાહરણ સામે આવ્યું

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના કરજાળા ગામ જિલ્લાનું એકમાત્ર એવો ગામ બન્યું છે, જ્યાં પરંપરાગત દેશી રાબડા પદ્ધતિથી દેશી ગોળ તૈયાર કરવામાં આવે છે. અહીંના ખેડૂતો શેરડીનું સીધું વેચાણ કરવાને બદલે તેના પાકનું મૂલ્યવર્ધન કરી ગોળ બનાવે છે. અને ગુજરાતભરમાં તેનું વેચાણ કરી હજારો રૂપિયા આવક મેળવી રહ્યા છે.

કરજાળા ગામમાં પ્રાકૃતિક અને ઓર્ગેનિક ખેતી પર ખાસ ભાર મૂકવામાં આવે છે. કોઈ રસાયણિક ખાતર કે ઝેરી દવાઓ વગર ઉગાડેલી શેરડીમાંથી તૈયાર થતો દેશી ગોળ સ્વાદ, સુગંધ અને પોષક તત્વોમાં વિશિષ્ટ ગણાય છે.





પરંપરાગત દેશી રાબડા દ્વારા ગોળ બનાવવાની પ્રક્રિયા આજે પણ જીવંત રાખવામાં આવી છે. જે ગામની ઓળખ બની ગઈ છે.

આ સફળતાના કેન્દ્રમાં ખેડૂત ધીરુભાઈ શિરોયા છે. તેમણે જણાવ્યું કે તેમનો અભ્યાસ માત્ર ધોરણ ૧૦ સુધીનો છે. પરંતુ ખેતી પ્રત્યેનો લગાવ અને નવી દિશામાં વિચારવાની ક્ષમતાએ તેમને સફળ બનાવ્યા છે. ધીરુભાઈ પોતાના ૩ વીઘા જમીનમાં પ્રાકૃતિક પદ્ધતિથી શેરડીનું વાવેતર કરે છે. આ પહેલાં શેરડી સીધી વેચવામાં આવતી હતી, જેમાં નફો સીમિત હતો. પરંતુ બાદમાં તેમણે શેરડીમાંથી દેશી ગોળ બનાવવાનો નિર્ણય લીધો.

શેરડી કાપ્યા બાદ દેશી રાબડા પદ્ધતિથી રસ કાઢવામાં આવે છે. અને મોટા કડામાં ધીમા તાપે આ શેરડીનાં રસને ઉકાળી શુદ્ધ ગોળ તૈયાર થાય છે. આ પ્રક્રિયામાં કોઈ કેમિકલ કે રંગનો ઉપયોગ થતો નથી, જેથી ગોળ સંપૂર્ણ પણે કુદરતી બને છે. દર વર્ષે અંદાજે ૧૫૦ મણથી વધુ દેશી ગોળનું ઉત્પાદન થાય છે.

આ દેશી પધ્ધતિથી તૈયાર થતો દેશી ગોળ પ્રતિ કિલો રૂ.૯૦ ના ભાવે વેચવામાં આવે છે. આ ગોળની માંગ માત્ર સ્થાનિક બજારમાં જ નહીં, પરંતુ અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર અને કચ્છ સહિત સમગ્ર ગુજરાતમાં છે. આરોગ્ય પ્રેમી લોકો અને ઓર્ગેનિક ગોળ પસંદ કરનાર ગ્રાહકોમાં કરજાળા ગામના ગોળની ખાસ ઓળખ બની છે.

આ રીતે દર વર્ષે ૩ લાખ રૂપિયાથી વધુના ગોળનું વેચાણ કરી ખેડૂત નોંધપાત્ર આવક મેળવે છે. સૌથી મહત્વની વાત એ છે કે, આ આવક સીધી ખેતીમાંથી અને પોતાના ઉત્પાદનના મૂલ્યવર્ધનથી પ્રાપ્ત થાય છે, જે અન્ય ખેડૂતો માટે પણ પ્રેરણારૂપ છે.

આ કરજાળા ગામનું આ ઉદાહરણ સાબિત કરે છે કે, પ્રાકૃતિક ખેતી, પરંપરાગત જ્ઞાન અને નવી વિચારધારા સાથે જો ખેતી કરવામાં આવે, તો નાના ખેડૂત પણ આત્મનિર્ભર બની શકે છે. અમરેલી જિલ્લાના ખેડૂતો માટે દેશી ગોળનું આ મોડેલ આવનારા સમયમાં નવી આશા અને નવી દિશા દર્શાવતું બની રહ્યું છે.


**જાહેર નિવિદા નં.૨ સને ૨૦૨૫-૨૬**

આથી અમરેલી રાજમહેલ કેમ્પસ ખાતે આવેલ બહુમાળી ભવન ખાતેની કેન્ટીન માસીક ભાડા પધ્ધતિથી લીઝ એન્ડ લાયસન્સના ધોરણે ભાડેથી આપવાના કામના ટેન્ડરો, કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજય), મુખ્ય પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન નં.૦૨૭૯૨ ૨૨૩૧૦૦ તરફથી નીચેની વિગતે મંગાવવામાં આવે છે.

| ક્રમ | વિગત | તારીખ / સમય |
|---|---|---|
| ૧ | કોરા ભાવપત્રકો ઈસ્યુ કરવાની છેલ્લી તારીખ | ૩૦/૦૧/૨૦૨૬ ૧૬:૦૦ કલાક |
| ૨ | ભરેલ ભાવપત્રકો રજી. એ.ડી. થી પરત કરવાની છેલ્લી તારીખ | ૦૫/૦૨/૨૦૨૬ ૧૮:૦૦ કલાક |
| ૩ | ભાવપત્રક ખોલવાની સંભવિત તારીખ | ૦૬/૦૨/૨૦૨૬ ૧૨:૦૦ કલાક |
| ૪ | ટેન્ડર ફી | રૂ. ૬૦૦/- |

જિમાક/અમર/૫૨૩/૨૬


સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)